# સાબરકાંઠામાં ડેરી ઉદ્યોગ અને વિકાસ

પુષ્પા.આર. ચૌધરી

## ૧. પ્રસ્તાવના

દૂધના ખાનગી ધંધામાં થતા ખેડૂતોના શોષણમાંથી મુક્ત કરી ખેડૂતોને ઉચા લાવવા અને દૂધના ધંધાને ખાનગી ધંધાદારી પકડમાંથી છોડાવીને સહકારી ધોરણે ગોઠવવા દેશના લોકલાડીલા નેતા સરદારશ્રી વલ્લભભાઈ પટેલે ૧૯૪૨માં કરેલા દિશાસૂચનથી ખેડા જિલ્લામાં અમૂલ ડેરીની સ્થાપના થઈ અને સાથે સાથે ગુજરાતમાં અને બીજા જિલ્લાઓમાં પણ શ્વેતક્રાંતિના શ્રીગણેશ મંડાયા આમ સાબરકાંઠા જિલ્લામાં પણ ખેડા જિલ્લાની માફક દૂધના ધંધામાં વેપારીઓ દ્વારા થતા ખેડૂતોનું શોષણ થતું અટકાવવા માટે સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાબરડેરીની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું.

## ૨. ભારતમાં સહકારી ડેરી ઉદ્યોગ

ભારતમાં ડેરી ઉદ્યોગની શરૂઆત ખાનગી ક્ષેત્ર દ્વારા ઓગણીસમી સદીમાં થઈ ત્યાર પછી વીસમી સદીમાં સહકારી ડેરી ઉદ્યોગની શરૂઆત થઈ. અમૂલડેરી પેટર્ન પ્રમાણે સમગ્ર દેશના ૨૦૦ જિલ્લાઓમાં સહકારી ધોરણે ડેરીઓ કામ કરતી થઈ છે. દેશના ૧ લાખ ગામડાઓમાં ૧૦ હજારથી પણ વધુ દૂધ માર્ગો દ્વારા સંઘો પર દૂધ પહોચતું કરીને તેના પર પ્રક્રિયા થઈ ૮૦૦ જેટલા નાના-મોટા શહેરોમાં રોજ દૂધ વેચાણ માટે જાય છે. આ સિદ્ધિ સહકારી ડેરી ઉદ્યોગની શાખ પૂરે છે. આમ છતાં પણ દેશના કુલ વેચાણ આવક દૂધના જથ્થામાંથી સહકારી ક્ષેત્ર દ્વારા ૧.૫ ટકાજ દૂધનું સંપાદન થાય છે. જે બતાવે છે કે હજુ આ દિશામાં પ્રગતી કરી શકાય એમ છે.

## 3. ગુજરાતમાં સહકારી ડેરી ઉદ્યોગ

ગુજરાતમાં દૂધ સંઘોની સંખ્યા વધી છે. ડેરી પ્લાન્ટ ૧૯ છે. ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મડળીઓની સંખ્યા ૧૧,૫,૧૨ છે. ડેરીઓની દૈનિક ક્ષમતા ૬૫૯૫ છે. હજાર લિટર છે. ગુજરાતના દૂધ સંઘો એકબીજાના હરીફ ન બને અને સ્પર્ધામાં ડુબી ન જાય તથા એક જ પ્રકારની ગુણવતા ધરાવતા દૂધ પ્રોડક્ટ માટે “ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન”ની રચના કરવામાં આવી જેના હેઠળ દૂધ, ધૂધની બનાવટો, બાળ દૂધાહાર, ક્રીમ, મિલ્ક પાવડર, પનીર, ઘી, કન્ડેન્સ્ડ દૂધ, આઈસ્ક્રીમ શીખંડ, ગુલાબજાંબુ, ડેરી વ્હાઈટનર, મલાઈ, પેંડા, ચોકલેટ વગેરે અમૂલ લોગોથી વેચાણ વ્યવસ્થા ગોઠવવામાં આવી. ગુજરાતના ડેરીઉદ્યોગમાં ધ્યેયનિષ્ઠ અને કોઠાસૂઝ દ્રષ્ટિકોણવાળી નિષ્કામ નેતાગીરી તથા કાબેલ વહીવટ કુશળ વ્યવસ્થાપકોનો સહયોગ, મંડળીઓ - સભ્ય ખેડૂતોની વફાદારી સરકાર આ ત્રીવેણી સંગમ ગુજરાતની ડેરી ઉદ્યોગને જગત વ્યાપી પ્રતિષ્ઠા અપાવી છે.

## ૪. સાબરડેરીની સ્થાપના

મહેસાણા જિલ્લામાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘને પગલે ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓ બનાસકાંઠા અને સાબરકાંઠામાં પણ જિલ્લા સંઘોરચી દૂધ ઉત્પાદનના કાર્યને સહકારી ધોરણે પ્રારંભ કરવાની પ્રેરણા મળી. સાબરકાંઠા દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના પણ પંદર વર્ષ અગાઉ સને ૧૯૬૩-૬૪ માં શ્રી

ભૂરાભાઈ ખોડીદાસ પટેલની આગેવાની હેઠળ કરવામાં આવી પ્રારંભમાં અન્ય સંઘોની માફક આ સંઘે પણ ડેરી પ્લાન્ટ કરવા પ્રાથમિક દૂધ મંડળીઓ દ્વારા દૂધ એકત્રિત કરી અમદાવાદ ડેરીને દૂધ પુરૂં પાડવા માંડ્યું અને તેમાંથી તેના શ્રીગણેશ મંડાયા તેના કામકાજના પ્રારંભ બાદ આશરે સાત વર્ષ સુધી પ્રોસેસ કર્યા વિનાનું કાચું દૂધ અમદાવાદ ડેરી અને જિલ્લાના અન્ય સ્થળોમાં થતા વેચાણના પ્રમાણે પ્રાથમિક મંડળીઓની સ્થાપનાઓ ધીમી ગતિએ થતી રહી. પરંતુ ભારત સરકારની ફ્લડ ઓપરેશન સ્કીમ નં. ૧ હેઠળ બનાસકાંઠા અને સાબરકાંઠા બંને જિલ્લાઓને આવરી લેતા નેશનલ ડેરી કોર્પોરેશનના અધ્યક્ષશ્રી ડો. કુરિયનના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ સાબરકાંઠામાં પણ ડેરી પ્લાન્ટનું આયોજન સને ૧૯૭૦-૭૧માં થયું. પછી તેના ઝડપી વિકાસના પગરણો મંડાયા હિંમતનગર મુકામે આશરે દોઢ લાખ લિટર દૂધની સ્થાપિત શક્તિ ધરાવતી આશરે ૧.૨૫ કરોડના ખર્ચાવાળા ડેરી પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી અને ૧૯૭૩-૭૪ માં તેનું કામકાજ શુરૂ કરવામાં આવ્યું. ડેરી શરૂ થતાં વધુ દૂધનો નિકાલ કરવાની અનુકુળતાઓ થઈ અને ગામડાઆમાં પ્રાથમિક મંડળીઓની સ્થાપનાઓ થઈ. કાર્ય પણ ઝડપી બન્યું. ૧૦ વર્ષના ગાળામાં ડેરી પ્લાન્ટ શરૂ થતાં સુધીમાં આશરે ૧૨૫ પ્રાથમિક મંડળીઓની રચના કરવામાં આવી આ બધી મંડળીઓનું દૂધ મહેસાણા ડેરીના સહકારથી અમદાવાદ મ્યુ. ડેરીને વાર્ષિક આશરે ૬૦ હજાર લિટર દૂધ પુરૂ પાડવામાં આવ્યું હતું.

### ૫. સાબરડેરીની વિકાસ ગાથા

સાબરડેરી તેની વિકાસયાત્રા દરમ્યાન ઘણા અવરોધો, મુશ્કેલીઓ અને સમસ્યાઓનો સામનો કરી ખેડૂતોનો અવિરત પણ સેવા કરવા કાર્યાન્વિત રહી છે. મહાનુભાવોના આશીર્વાદ, જિલ્લાની દૂધ મંડળીઓ તેમના દૂધ ઉત્પાદક સભ્યો અને સંચાલક મંડળો, સાબરડેરીના વખતો વખતના હોદ્દેદારો, નિયામક મંડળના સભ્યો અને કર્મચારી પરિવારના સનિષ્ટ પ્રયાસોના પરિપાક રૂપે આજે સાબરડેરી સહકારી ધોરણે ચાલી રહેલ દૂધના ધંધામાં વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સાબરડેરીના અવિરત વિકાસમાં શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વી કુરિયન, શ્રી ત્રિભુવનદાસ પટેલ, શ્રી એચ.એમ.દલાયા એનડીડીબી ઈન્ડિયન ડેરી કોર્પોરેશન (આઈડીસી) અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અનુભવી અધિકારીઓનો સિંહફાળો રહેલો છે. આજે સાબરડેરી જિલ્લાના નિર્બળ વર્ગના લોકો આદિવાસીઓ તેમજ ગ્રામિણ ગરીબોના ઉત્કર્ષમાં આશાનું કિરણ બની તમામને હૂંફ આપી રહેલ છે.

સાબરડેરીની સ્થાપના વખતે દૂધ મંડળીઓની સંખ્યા લગભગ ૨૮૦ હતી. સહકારી ધોરણે દૂધના ધંધાની સમજ મળવાને દૂધ ઉત્પાદકોએ આ વ્યવસાયને ઝડપભેર અપનાવી લીધો. પરિણામે જિલ્લાના અનેક ગામોમાંથી પોતાના ગામમાં દૂધ મંડળી સ્થાપવાની માગણીઓ આવવા લાગી જેના કારણે સંઘની દૈનિક દૂધ પ્રાપ્તિનો જથ્થો ડેરી પ્લાન્ટની દૈનિક દૂધ હેન્ડલ કરવાની શક્તિ કરતાં ખૂબજ વધારે પ્રમાણમાં આવવા લાગ્યો અને ગત વર્ષે આ સંઘે જિલ્લાના આદિવાસી વિસ્તારમાં રચેલ ૬૧૭ દૂધ મંડળીઓ દ્વારા એક દિવસનું વધુમાં વધુ ૩.૪૦ લાખ લિટર દૂધ એકત્ર કરેલ છે. જે વિક્રમ સમાન છે. દૂધનો જથ્થો વધવાને કારણે તેના વિતરણ માટે દૂધસાગર ડેરી, અમુલ ડેરી, બનાસડેરીએ સહકાર આપ્યો. પરંતુ આ જથ્થો વધતો જ જતો હોવાથી આ સહકારી ડેરીઓએ બધાજ દૂધનો જથ્થો સ્વીકારવાની મર્યાદાઓ અને મુશ્કેલીઓને કારણે અમુક સમય દરમિયાન દૂધના રૂટો વારાફ્તરી બંધ કરવાની ફરજ પડી અને આમ ઓપરેશન ફ્લડ નં.૨ યોજનામાં દૈનિક ૪ લાખ લીટર દૂધ હેન્ડલ કરવાની શક્તિ ધરાવતો પ્લાન્ટ રૂપિયા ૪.૬૨ કરોડના ખર્ચે વિસ્તૃત કરવા તેમજ કામ શરૂ કરી દેવાના શ્રી એચ.એમ.પટેલના દિશાસૂચનથી સને ૧૯૭૯માં નવા ડેરી પ્રોજેક્ટનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

**૬. સાબરડેરીની પ્રગતિ**

સાબરકાંઠા જિલ્લામાં ડેરી ઉદ્યોગ કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલો એક અગત્યનો વ્યવસાય છે. સાબરડેરીની સ્થાપનાને ચાર દાયકા થઈ ચૂક્યા છે. આ ચાર દાયકા દરમિયાન સાબરડેરીએ નોંધપાત્ર પ્રગતિ સાધેલ છે. દૂધ અને દૂધની બનાવટોની ગુણવત્તામાં સુધારો થયો છે. શીતકેન્દ્રોનું વિસ્તૃતિકરણ અને આધુનિકરણ થઈ રહ્યું છે. સાબરડેરીનું આઈ.એસ.ઓ. (I.S.O) ૨૦૦૯ ઓડીટ પણ થયેલ છે. પર્યાવરણની જાળવણી વ્યવસ્થાનું કાર્ય ડેરીએ સફળતા પૂર્વક પાર પાડ્યું છે. આ ઉપરાંત ડેરીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગુણવત્તા વ્યવસ્થાપનની જાપાનીજ પધ્ધતિ અમલમાં મૂકેલ છે. સાબરડેરીએ વિવિધ પ્લાન્ટ જેવા કે દહી પ્લાન્ટ, શીખંડ પ્લાન્ટ, રસગુલ્લા પ્લાન્ટ, પાવડર પ્લાન્ટ, પનીર પ્લાન્ટ, લોગ લાઈફ મિલ્ક અને ફ્લેવર્ડ મિલ્ક પ્લાન્ટ વગેરે પ્લાન્ટોની વિસ્તૃતિકરણ અને આધુનિકરણની પ્રગતિ નોંધપાત્ર છે. આ ઉપરાંત પણ મહિલા જાગૃતિ કાર્યક્રમોનું અવારનવાર ડેરી આયોજન કરેલ છે. તાજેતરમાં જ ૧૮ માર્ચ ૨૦૦૪ ના રોજ ડો. વી. કુરીયન સાહેબની ઉપસ્થિતિમાં મહિલા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન થયેલ અને તેમાં જિલ્લાની ૮૦૦૦ જેટલી દૂધ ઉત્પાદક બહેનોએ ભાગ લીધેલ જે આ કાર્યક્રમની સફળતા દર્શાવે છે. એટલું જ નહીં દૂધ મંડળીઓમાં મહિલા સભ્યોની વધતી જતી ભાગીદારીનો નિર્દેશ કરે છે.

સાબરકાંઠા જિલ્લામાં સાબરડેરીએ વર્ષ ૧૯૬૪ સ્થાપના થી લઈ વર્ષ ૨૦૦૪ સુધીમાં સાધેલી પ્રગતિનો ખ્યાલ નીચેની બાબતો થી સ્પષ્ટ થાય છે.

| | | |
|---|---|---|
| ૧. | સાબરડેરીની સ્થાપના | ૨૧-૧૧-૧૯૬૪ |
| ૨. | દૂધ એકત્રીકરણનો પ્રથમ દિવસ | ૨૯-૧૦-૧૯૬૫ |
| ૩. | ડેરી પ્લાન્ટની સ્થાપના | ૧૧-૦૬-૧૯૭૧ |
| ૪. | દૂધનું પાસ્ચરાઈઝેશન | ૧૨-૦૫-૧૯૭૩ |
| ૫. | કેટલ ફીટ પ્લાન્ટની સ્થાપના | ૧૭-૧૨-૧૯૭૩ |
| ૬. | ધનસુરા શીત કેન્દ્ર | ૦૯-૧૦-૧૯૭૬ |
| ૭. | કેટલ ફીટ પ્લાન્ટનું ઉદ્દઘાટન | ૨૯-૦૫-૧૯૭૭ |
| ૮. | સાબરડેરીના દૂધ વિતરણના પ્રથમ પ્લાન્ટની સ્થાપના | ૦૨-૦૩-૧૯૭૮ |
| ૯. | ખેડબ્રહ્મા શીત કેન્દ્ર | ૨૦-૦૩-૧૯૭૯ |
| ૧૦. | સાબરડેરીના બીજા પાવડર પ્લાન્ટ વિતરણની શરૂઆત | ૨૦-૧૦-૧૯૮૦ |
| ૧૧. | પશુપાલન કોમ્પલેક્ષનું ઉદ્દઘાટન | ૦૪-૧૧-૧૯૮૧ |
| ૧૨. | શામળાજી શીત કેન્દ્ર | ૦૪-૧૧-૧૯૮૧ |
| ૧૩. | સાબરડેરીના પ્રથમ વિતરણ પ્લાન્ટનું વિતરણ | ૧૪-૦૫-૧૯૮૪ |
| ૧૪. | કુદરતી ગેસ માટે ઓ.એન.જી.સી સાથે કોન્ટ્રાક્ટ | ૦૧-૦૫-૧૯૮૫ |
| ૧૫. | અગ્નિમાટે કુદરતી ગેસનો બોઈલરમાં પ્રથમ ઉપયોગ | ૨૬-૦૫-૧૯૮૭ |
| ૧૬. | રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ | ૧૯૮૭-૧૯૮૮ |
| | રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ | ૧૯૮૯-૧૯૦૦ |
| | રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ | ૧૯૯૦-૧૯૯૫ |
| | રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ | ૧૯૯૭-૧૯૯૮ |
| | રાષ્ટ્રીય ઉત્પાદકતા એવોર્ડ | ૧૯૯૯-૨૦૦૦ |
| ૧૭. | ઈડર શીત કેન્દ્ર | ૦૧-૦૭-૧૯૯૨ |

| | | |
|---|---|---|
| ૧૮. | પ્રાંતિજ શીત કેન્દ્ર | ૧૯૯૨ |
| ૧૯. | વિકાસ રત્ન એવોર્ડ | ૧૯૯૫ |
| ૨૦. | રાષ્ટ્રીય સુરક્ષા એવોર્ડ | ૧૯૯૧-૨૦૦૦ |
| ૨૧. | ગુજરાત સેફ્ટી એવોર્ડ | ૧૯૯૬,૨૦૦૦,૨૦૦૧ |

આમ, ઉપરોક્ત માહિતી સ્પષ્ટ કરે છે કે સાબરડેરીની સ્થાપનાની અત્યાર સુધીમાં ડેરીની પ્રગતિ આકર્ષણીય રહી છે. એટલું જ નહી ડેરીએ છેલ્લા દોઢ દાયકામાં અનેક એવોર્ડ મેળવ્યા છે. જે એ જ બતાવે છે કે રાષ્ટ્રીય સ્તરની સંસ્થામાં સાબરડેરીએ આગવું સ્થાન મેળવ્યું છે.

સાબરડેરી દૂધ ઉત્પાદન અને તેની બનાવટોના ક્ષેત્રે ઝડપી પ્રગતિ સાધી રહી છે. અને આ દૂધનું સંપાદન વધવા સાથે દૂધનો નિકાલ તેની બનાવટો બનાવીને કરવો પડે પરંતુ આ પ્રક્રિયા ઓ.એન.જી.સી. દ્વારા ગેસ મળે તો ઓછા વધુ ઉત્પાદનનો ધ્યેયસિધ્ધ થઈ શકે તે માટે ૧૯૭૯-૮૦માં સંઘેઆ ગેસની માંગણી કરી અને મહેસાણા જિલ્લાના શોભાસણ ગામે થી ૧.૯૦ કરોડના ખર્ચે પાઈપ લાઈન નાંખી અને ૧૯૮૭માં ગેસનું જોડાણ થયું જેના કારણે સંઘે સારો એવો આર્થિક ફાયદો થવા પામ્યો છે. એટલું જ નહી પણ આ ગેસનો વધારાના જથ્થામાંથી વિજળી બનાવવાનો પ્રોજેક્ટ પણ નાખ્યો જે કારખાના ચલાવવામાં પણ મદદરૂપ છે. માર્કેટિંગના મુદ્દે રાજ્યના વિવિધ દૂધ સંઘો વચ્ચે ખોટી ધંધાકીય ફરિફાઈ થાય નહી અને એક સૂત્રતા જળવાઈ રહે તથા તમામ સંઘોને એક જ પ્રકારના અલગ-અલગ માર્કેટીંગ ખર્ચના ભોગવવા પડે તે હેતુથી ‘ગુજરાત કો ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન’ની આણંદ ખાતે વી. કુરીયનના અધ્યક્ષસ્થાને સ્થાપના કરવામાં આવી ત્યારથી સંઘે બનાવેલ દૂધની બનાવટોના નિકાલનો પ્રશ્ન હલ થયો.

**સંદર્ભ**

૧. “રૂથ હરેડિયા” ભારતીય અમૂલ ગાથા
૨. “શ્વેતક્રાંતિ ક્ષેત્ર સાબરકાંઠા જિલ્લા”
૩. અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ સાબરડેરી
૪. સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ-સહકારી શતાબ્દી વર્ષ ૨૦૦૪
૫. સાબરડેરી રજતજ્યંતિ સ્મરણીકા ૧૯૮૯
૬. ૪૮ મો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૧-૧૨
૭. ૪૯ મો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૨-૧૩